	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૦૮/૦૪/૨૦૨૨ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૬૨૫/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૭/૦૪/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૩૬	૦	૧૩૬	૪૧૩	૦	૪૧૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૬૮૯	૦	૧૦૦૬૮૯	૧૦૯૫૯૧	૦	૧૦૯૫૯૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૫	૪,૪૪,૫૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫	૫૦૦૦/-

પાસા અટકાયતની વિગત

મેઘાણીનગર પોલીસ સ્ટેશનઃ (૧)

પ્રોહિબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર પો.સ્ટે. વિસ્તારમાં ખુબ જ મોટા જથ્થામાં ભારતીય બનાવટનો પરપ્રાંતનો વિદેશી દારૂની હેરાફેરી તેમજ વેચાણના ગુનામાં પકડાયેલ આરોપી નામે યોગેશ ઉર્ફે યોગી સ/ઓ મેવાલાલ જાતે સોની ઉ.વ.૨૪ હાલ રહે.ડી/૧૦૮, વ્રજ ગેલેક્સી, મુરલીધર હાઈટ્સની બાજુમાં, દહેગામ રોડ, હંસપુરા, નરોડા, અમદાવાદ શહેર મુળ વતન. ગામ. જયરામ દેવકલી તા. સલેમપુર જી. ગોરખપુર ઉત્તરપ્રદેશ નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતે ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-સી-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૧૪૦૭/૨૦૨૧ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(ઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-સી-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૨૦૨૦૨ /૨૦૨૨ ધી પ્રોહી. એક્ટ કલમ ૬૫(ઇ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨), મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ : ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૩૨૬/૨૦૨૨ તા.૦૭/૦૪/૨૦૨૨ થી પાસા અટકાયત તરીકે "મધ્યસ્થ જેલ-લાજપોર સુરત" ખાતે રાખવા હુકમ કરેલ હોય જે આધારે સદરી અટકાયતી ઈસમને આજરોજ તા.૦૭/૦૪/૨૦૨૨ ના કલાક ૨૧/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "મધ્યસ્થ જેલ-લાજપોર સુરત" ખાતે મોકલી આપેલ છે. તા.૦૭/૦૪/૨૦૨૨

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સ.ઈ. વી.એ.હરકટ

(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



મેઘાણીનગર પોલીસ સ્ટેશનઃ (૨)

પ્રોહિબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર પો.સ્ટે. વિસ્તારમાં ખુબ જ મોટા જથ્થામાં ભારતીય બનાવટનો પરપ્રાંતનો વિદેશી દારૂની હેરાફેરી તેમજ વેચાણના ગુનામાં પકડાયેલ આરોપી નામે અભિષેકસીંગ ઉર્ફે રમન ઉર્ફે રજત સતેન્દ્રસીંગ જાતે ભદોરીયા ઉવ-૨૧ રહેવાસી-શિવશક્તિનગરની લાઇન, કુંભાજીની ચાલી, રામેશ્વર, મેઘાણીનગર, અમદાવાદ શહેર મુળવતન-ગામ-નાગલા ભવાની દાસ તા:-ઉદીમોડ જીલ્લો-ઇટાવા ઉત્તરપ્રદેશ નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પો.સ્ટે ખાતે ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે.પાર્ટ-સી-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૦૨૧૩૨/૨૦ ધી પ્રોહી એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(ઈ), ૧૧૬(બી), ૮૧ મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-સી-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૨૦૨૦૨ /૨૦૨૨ ધી પ્રોહી. એક્ટ કલમ ૬૫(ઇ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ : ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૩૨૭/૨૦૨૨ તા.૦૭/૦૪/૨૦૨૨ થી પાસા અટકાયત તરીકે "મધ્યસ્થ જેલ-લાજપોર સુરત" ખાતે રાખવા હુકમ કરેલ હોય જે આધારે સદરી અટકાયતી ઈસમને આજરોજ તા.૦૭/૦૪/૨૦૨૨ ના કલાક ૨૧/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "મધ્યસ્થ જેલ-લાજપોર સુરત" ખાતે મોકલી આપેલ છે. તા.૦૭/૦૪/૨૦૨૨

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સ.ઈ. વી.એ.હરકટ

(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



મેઘાણીનગર પોલીસ સ્ટેશનઃ (૩)

પ્રોહિબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર પો.સ્ટે. વિસ્તારમાં ખુબ જ મોટા જથ્થામાં ભારતીય બનાવટનો પરપ્રાંતનો વિદેશી દારૂની હેરાફેરી તેમજ વેચાણના ગુનામાં પકડાયેલ આરોપી નામે સોનુ ઉર્ફે સુશીલ સ/ઓ નરેન્દ્રસિંગ જાતે. કઠેરીયા ઉ.વ.૨૩ રહે. ઓમપ્રકાશની લાઈન, કુંભાજીની ચાલી, રામેશ્વર મેઘાણીનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ. દેલપુર તા.બધાન જી.નેનપુરી ઉત્તરપ્રદેશ નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતે ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-સી-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૦૪૮૮/૨૦૨૧ ધી પ્રોહી. એક્ટ કલમ-૬૫(ઇ), ૮૧, ૯૮(૨), ૧૧૬(બી) મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-સી-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૨૦૨૦૨/૨૦૨૨ ધી પ્રોહી. એક્ટ કલમ ૬૫(ઇ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨), મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ : ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૩૨૮/૨૦૨૨ તા.૦૭/૦૪/૨૦૨૨ થી પાસા અટકાયત તરીકે "મધ્યસ્થ જેલ-લાજપોર સુરત" ખાતે રાખવા હુકમ કરેલ હોય જે આધારે સદરી અટકાયતી ઈસમને આજરોજ તા.૦૭/૦૪/૨૦૨૨ ના કલાક ૨૨/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "મધ્યસ્થ જેલ-લાજપોર સુરત" ખાતે મોકલી આપેલ છે. તા.૦૭/૦૪/૨૦૨૨

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સ.ઈ. વી.એ.હરકટ
(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦
(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મહે.પોલીસ કમિશનર શ્રી અ'વાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ (૧)નિકોલ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૫૨૧૦૩૨૭/૨૦૨૧ ઇપીકો કલમ ૩૮૦,૪૬૧,૧૧૪ તથા (૨)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૨૦૩૫૦/૨૦૨૨ ઇપીકો કલમ ૩૭૯(એ)(૩),૧૧૪ મુજબના ચેઇન સ્નેચીંગ સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અ'વાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અ'વાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૩૨૧/૨૦૨૨ તા.૦૭/૦૪/૨૦૨૨ ના હુકમ આધારે તા.૦૭/૦૪/૨૦૨૨ ના કલાકઃ૨૧/૪૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

આરોપીનું નામ:-

સુમીત ઉર્ફે કાળો પ્રહલાદભાઇ જાતે ધાંચી (છારા) ઉ.વ.૨૭ ધંધો-મજુરી કામ રહે.ફ્રી કોલોની ફુલવાળાની ગલી કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.ઇન્સ.શ્રી એ.જે.ચૌહાણ તથા એએસઆઇ શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.હે.કો. પ્રવીણભાઇ રામાભાઇ બ.નં.૯૦૩૦ તથા અ.હે.કો. ધીરજકુમાર મંગળભાઇ બ.નં.૩૩૧૫ તથા અ.પો.કો.મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.પો.કો. કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૭૨૮૩



નારોલ પોલીસ સ્ટેશન નારોલ

પ્રોહિબિશન સબંધિત અસામાજીક પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમને લાજપોર જેલ સુરત ખાતે મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસા કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશા પોલીસ કમિશ્નરશ્રી કે ડીવીજન અમદાવાદ શહેર નાઓની સુચના તથા માર્ગદર્શન આધરે અમદાવાદ શહેર વિસ્તારમાં પ્રોહિબિશનની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદ કરવા ચુસ્તપણે સુચના આપેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા પો.ઇન્સશ્રી આર.એમ.ઝાલા નાઓને પો.સ્ટે સ્ટાફના માણસોને સુચન કરેલ હોય જે અનુસંધાને નારોલ પો.સ્ટે માં તથા અન્ય પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન સબંધે દાખલ થયેલ ગુનાઓની માહિતી એકત્ર કરતા નિસારખાન ઉર્ફે અંધો સ/ઓ નસીમખાન અખ્તરખાન પઠાણ ઉ.વ. ૨૨ રહે, મ.નં. એ/૧૩ સુફીયાનપાર્ક, ગ્રીનપાર્ક સોસાયટીની પાસે, બાગેકૌશર નારોલ અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધમાં પ્રોહિબિશન સબંધિત ગુનો દાખલ થયેલ હોય જે અનુસંધાને તેની પ્રોહિબિશન સબંધિત ગુનાહિત અસામાજીક પ્રવૃત્તિ સબંધે પાસા દરખાસ્ત ભરી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ સદરી વિરૂધ્ધ પાસા અટકાયતી હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૩૨૯/૨૦૨૨ તા.૦૭/૦૪/૨૦૨૨ થી પાસા અટકાયતીનો હુકમ કરતા સદર પાસા અટાકયતીને પાસા હુકમની બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે લાજપોર જેલ સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવેલ છે.

પાસા અટકાયતીનું નામ સરનામુ

નિસારખાન ઉર્ફે અંધો સન/ઓફ નસીમખાન અખ્તરખાન પઠાણ ઉ.વ. ૨૨ રહે. મ.નં. એ/૧૩ સુફીયાનપાર્ક, ગ્રીનપાર્ક સોસાયટીની પાસે, બાગેકૌશર નારોલમ અમદાવાદ શહેર

પાસા અટકાયતી વિરૂદ્ધ દાખલ થયેલ ગુનાઓ

નારોલ પોલીસ સ્ટેશન સી.પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૨૨૦૩૩૩/૨૦૨૨ ધી પ્રોહી કલમ ૬૫(એ)(ઇ), ૧૧૬ (બી), ૮૧, ૯૮ (૨) મુજબ

મુદ્દામાલ :

ભારતીય બનાવટના વિદેશીદારુની અલગ અલગ બ્રાન્ડની ૭૫૦ મીલીની કાચની સીલબંધ બોટલ નંગ–૧૦૮ ની કુલ્લે કિ.રૂ.૫૪૦૦૦/– તથા વિદેશી દારુના કવાટર નંગ–૪૭૦ ની કિ.રૂ-૪૭૦૦૦/– તથા કિંગ ફીશર બીયર ટીન નંગ–૧૪૩ ની કિ.રૂ-૨૧૪૫૦/–તથા મો.ફોન નંગ ૦૧ કિ.રૂ.૫૦૦૦/- તથા મારુતી ઈકો ફોર વ્હીલ ગાડીની કિ.રૂ.૩,૫૦,૦૦૦/– ગણી કુલ્લે કિ.રૂ.૪,૭૭,૪૫૦/– ની મત્તાનો મુદ્દામાલ

સારી કામગીરી કરનાર અધિકારી/ કર્મચારીઓ

આર.એમ.ઝાલા પોલીસ ઇન્સપેક્ટર નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
અ.હે.કો. દીપેનકુમાર મનુભાઇ બ.નં.૬૦૮૦ તથા અ.લો.ર. મુકેશભાઇ બાલુભાઇ બ.નં. ૧૨૧૭૧



નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૨૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૨૫૬ લીટર દેશી દારૂ અને ૨ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ, ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૧૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૨૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૬૨૮/૨૦૨૨**

મણીનગરઃ ટ્વિન્કલબહેન ડો/ઓ અશોકકુમાર વ્યાસ (રહે. ગુરૂદેવ સોસાયટી સામે ભૈરવનાથ રોડ મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૪/૨૦૨૨ કલાક ૧/૦૦ થી કલાક ૪/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના ઉપરના માળના રૂમના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોનાના-ચાંદીના દાગીના, ઘડીયાળ નંગ-૨ અને રોકડ રૂપિયા ૬,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૯,૩૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.ગોસ્વામી ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૬૨૯/૨૦૨૨**

"એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ અલાઉદીન કમરૂદીન શેખ (ઉ.વ.૭૩) (રહે. "આઈ" વોર્ડ સંકલીતનગર સોસાયટી જુહાપુરા) તા.૦૭/૦૪/૨૦૨૨ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે જુહાપુરા ચાર રસ્તા નજીક ચાલતા-ચાલતા રસ્તો ક્રોસ કરતા હતા ત્યારે કાર નંબર જીજે ૦૬ પીએફ ૦૦૧૯ ના ચાલકે કાર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી અલાઉદીન શેખને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને જુહાપુરા આમેના ખાતુન હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડોક્ટરશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર અલાઉદીન શેખના પુત્ર નીઝામુદીન શેખ એ "એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ઈ.પો.ઇ.શ્રી એન.એસ.કટકડી ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૬૩૦/૨૦૨૨**

મેઘાણીનગરઃ સુરેખાબહેન વિજયભાઈ પટણી (ઉ.વ.૩૨) (રહે. ખાડાવાળી ચાલી કલાપીનગર મેઘાણીનગર) નાઓના ઘરનુ રીનોવેશન ચાલુ હોઈ તા.૦૭/૦૪/૨૦૨૨ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે સુરેખાબહેન પાણી છાંટવા માટે વિજ મોટર પંપ ચાલુ કરવા જતા વિજ કરંટ લાગતા બેભાન થઈ જતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એન.ચાવડા ચલાવે છે.

અમરાઇવાડીઃ અમરાઇવાડી ઘંટી બસ સ્ટેન્ડ કલિયાભાઇ એસ્ટેટ કારખાનામાં રહેતા અને ત્યા જ મજુરી કામ કરતા સુરજ ઉર્ફે સુરેશ બાબુલાલ મીણા (ઉ.વ.૨૭) (મુળ વતન. જાવર માઈન્સ તા.ગીરવ જી.ઉદેપુર રાજસ્થાન) તા.૦૬/૦૪/૨૦૨૨ કલાક ૦૦/૫૧ વાગ્યાના સુમારે કારખાનામાં કામ કરતા હતા ત્યારે સુરજ ઉર્ફે સુરેશ મીણાનો હાથ વિજ સ્વિચ બોર્ડને અડી જતા વિજ કરંટ લાગતા બેભાન થઈ જતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૬૩૧/૨૦૨૨**

કાગડાપીઠઃ વાલજીભાઈ રામાભાઈ પરમાર (ઉ.વ.૪૭) (રહે. કે.કા.શાસ્ત્રીનગર બીગ બજાર પાછળ રાયપુર) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૪/૨૦૨૨ કલાક ૩/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની જાળીએ દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી આશિષકુમાર લક્ષ્મણભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.